## મે. રાજકોટના કહૃા એડી. જ્યુડી. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં, રાજકોટ.

**ક્રિમીનલ કેસ નં. ૨૦૨૨/૨૦૨૫**

**ફરીયાદી:–** સરકાર

આંક –

વિરુધ્ધ

**આરોપી:–** (૧) સંજયભાઈ છગનભાઈ રાંક

**ચાર્જ :– જુગારધારાની કલમ– ૧૨ મુજબ.**

૧. આ કામના આરોપીઓએ જુગારધારાની કલમ– ૧૨ મુજબનો ગુનો કર્યો હોવાનુ ચાર્જશીટ રજુ થયેલ છે.

૨. આરોપીઓને સમન્સ બજતા તેઓ અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ફરીયાદની નકલ વીના મુલ્યે આપવામાં આવેલ છે. આજરોજ આરોપીઓને ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરી છે અને તેઓએ અહેસાસ થયાનુ જણાવેલ હોય, ભવીષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવાની ખાતરી આપેલ છે.

૩. ઉપરોકત વીગતો ધ્યાને લેતાં આરોપીઓએ કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આરોપીઓની રજુઆત તેની સામાજીક અને આર્થીક સ્થિતી જોતાં આરોપીઓને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કીસ્સો જણાય છે. અને આ બાબતે ગુજરાતની વડી અદાલતનો ૨૦૦૫ – (૧) જી. એલ. આર. ૭૦૯ નટવર હીરાચંદ ઠાકોર વીરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંતો ધ્યાને લેતાં આરોપીઓને હળવી સજા કરવાનુ નયાયોચીત જણાતુ હોય નયાયના વીશાળ હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**: : હુકમ : :**

આરોપી નં. (૧)સંજયભાઈ છગનભાઈ રાંક , રહે.રાજકોટ ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે જુ.ધા.કલમ–૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી

કોર્ટ ઉઠતાં સુધીની સજા ફરમાવવામાં આવે છે. અને આરોપી દીઠ રુા.૫૦૦/– (અંકે રુપીયા પાંચસો પુરા) નો દંડ કરવામાં આવે છે. દંડ ના ભરે તો દીન– ૧ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

મુદામાલ અંગે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તે આથી કાયમી રાખવમાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૨ મી માહે જુલાઈ, ૨૦૨૫ ના રોજ સ્પે. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: રાજકોટ.
તા.૧૨/૦૭/૨૦૨૫

(એલ.આઈ.ભાટી)
૬ઠ્ઠા એડી. જયુડી.મેજી.ફ.ક.,
રાજકોટ.
કોડ નં. જી. જે. ૦૧૬૫૬